



# "ગુરુ સાધુ થશો...? કો' થઈશ...!"





કૉલેજકાળમાં રતિકાકાની સાહેબજી સાથેની સ્મૃતિ





યોગીબાપાની આજ્ઞાથી 'સાહેબ'ના નેતૃત્વે 'શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલય' નિર્માણની સેવામાં પૂ. રતિકાકા





યુવાવસ્થાએ વલ્લભવિદ્યાનગરમાં જશુભાઈ સાહેબ સંગાથે સખાઓની દિવ્ય સ્મૃતિ

# સદ્‌ગુરુ પરમ પૂજ્ય રતિકાકાને પ્રાગટ્યમંગલે શત શત કોટિ હૃદયવંદન !





સાહેબજીના દૃઢ આશરે સદ્‌ગુરુ પ.પૂ. રતિકાકા



પ.પૂ. અશ્વિનદાદા સંગ પરમ ભ્રાતૃભાવે પ.પૂ. રતિકાકા



પ.પૂ. શાંતિદાદાના પરમ સંગાથે પ.પૂ. રતિકાકા

**દિવસો** જેમ જેમ વીતતા જાય છે તેમ તેમ સંતભગવંત સાહેબદાદાના દિવ્ય સ્વરૂપનો મહિમા વધતો જાય છે. આ મહિમાના વિચાર સહજ જ સાહેબદાદાની નિશ્રામાં બિરાજતા સદ્‌ગુરુ સંતોના મહિમાના વિચાર પ્રેરે છે, અને મન બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના ભવ્યાતિભવ્ય દિવ્ય સ્વરૂપનાં મહિમાદર્શને ગદ્‌ગદ ભાવવિભોર થાય છે.

ગુરુદેવ યોગીજી મહારાજના દિવ્ય સંકલ્પના સાકાર મૂર્તિ સમાન આવા એક સદ્‌ગુરુ તે પરમ પૂજ્ય રતિકાકા !

સાધકના જીવનમાં ભગવાનના ધારક સાધુ સાથે વિશ્વાસપૂર્ણ જીવની પ્રીતિ કેવી અકલ્પનીય આધ્યાત્મિક પ્રગતિ સહજ સિદ્ધ કરાવે છે તેનું જીવંત ઉદાહરણ એટલે સદ્‌ગુરુ પરમ પૂજ્ય ડૉ. રતિકાકાનું જીવન ! શ્રીજી મહારાજે 'વચનામૃત' ગઢડા પ્રથમ પ્રકરણમાં જે આશરા રૂપી સર્વોત્તમ સાધનાની વાત કરી છે તેને જીવનમાં આચરનારા પરમ પૂજ્ય રતિકાકાએ પ્રભુના પ્રગટ સાકાર સ્વરૂપના દૃઢ વિશ્વાસપૂર્ણ અતિશય આશરાના બળે પ્રભુની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરી !

'ગુરુ ! સાધુ થશો...? કો' થઈશ !!' ગુરુદેવ યોગીજી મહારાજના શ્રીમુખે સરેલા આ બ્રહ્મનાદના શ્રવણે પરમ પૂજ્ય રતિકાકાના આત્મામાં પ્રભુના સાદ ઝિલાયા. સાહેબજી પ્રતિ દૃષ્ટિ કરી અને તેઓની અનુવૃત્તિ જાણી ગૃહસ્થાશ્રમી પરમ પૂજ્ય રતિકાકાએ ગુરુદેવ યોગીબાપાનાં દિવ્ય વચનો અધ્ધર ઝીલ્યાં, 'હા' ભણી !

સાહેબજી પ્રતિ દૃઢ વિશ્વાસપૂર્ણ જીવની પ્રીતિ અને અતિશય આશરાના બળે પરમ પૂજ્ય રતિકાકાએ અધ્યાત્મસાધના પંથે કપરાં ચઢાણો પણ સહજ સિદ્ધ કર્યાં; અને આજે, પ્રભુના અખંડ ધારક સંત સદ્‌ગુરુ રૂપે બ્રાહ્મીસ્થિતિના શિખરે બિરાજે છે ! આ બ્રાહ્મીસ્થિતિની પ્રાપ્તિનાં જીવનધ્યેય પણ સ્વયં યોગીજી મહારાજે સાહેબજીને સ્વહસ્તે લખેલા પ્રારંભિક પત્રોમાંના એક પત્રમાં સ્પષ્ટ કર્યાં હતાં !

કર્મયોગે અનેક ક્ષેત્રોની સુફળ સાધના બાદ વર્તમાનમાં સદ્‌ગુરુ પરમ પૂજ્ય ડૉ. રતિકાકાના કુલગુરુ નેતૃત્વે અનુપમ મિશનની શૈક્ષણિક સેવા પ્રવૃત્તિઓએ જ્વલંત સિદ્ધિઓ હાંસલ કરી છે.

૧૮ સપ્ટેમ્બરે પરમ પૂજ્ય રતિકાકાના પ્રાગટ્યમંગલે તેઓની પ્રાર્થનાનાં બળ અને આશીર્વાદની યાચના સહ તેઓના શ્રીચરણે શત શત કોટિ હૃદયવંદન છે ! ◆

~ સાધુ મનોજદાસ